### ચૂંટણી પહેલાં જ ભાજપનો કેસરિયો કરંટ

# રાજ્યની 600થી વધુ બેઠકો પર બિનહરીફ, 5 નગરપાલિકામાં કબજે

**17 મહાનગરપાલિકામાં** ભાજપના 20થી વધુ સભ્ય બિનહરીફ ચૂંટાયા

ગાંધીનગરઃ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના રણમેદાનમાં મતદાન પહેલાં જ ભારતીય જનતા પાર્ટીએ મજબૂત પકડ બનાવી લીધી છે. ઉમેદવારી પત્રો પરત ખેંચવાના અંતિમ દિવસે રાજ્યમાં અનેક બેઠકો પર ભાજપના ઉમેદવારો બિનહરીફ વિજેતા જાહેર થયા છે. ગત ચૂંટણીની સરખામણીએ આ વખતે ભાજપની બિનહરીફ બેઠકોમાં ત્રણ ગણો વધારો જોવા મળ્યો છે. ફોર્મ પરત ખેંચવાની મુદત પૂરી થતાની સાથે જ ભાજપે રાજ્યની 5 મહત્ત્વની નગરપાલિકા કડી, ઊંઝા, ગણદેવી, શહેરા અને બાયડમાં વિજયધ્વજ લહેરાવી દીધો છે.

## રાજ્યભરમાં ભાજપની બિનહરીફ બેઠકોનો આંકડો 600ને પાર, ગત ટર્મમાં 229 હતો

આ વખતે વિપક્ષી ઉમેદવારોએ અનેક સ્થળોએ મેદાન છોડી દેતા ભાજપને મોટો ફાયદો થયો છે. ● **મહાનગરપાલિકાઃ** 17 મહાનગરપાલિકામાં ભાજપના 20થી વધુ સભ્ય બિનહરીફ ચૂંટાયા છે. ● **નગરપાલિકાઃ** રાજ્યની નગરપાલિકાઓમાં 178થી વધુ બેઠકો ભાજપના ખાતામાં ગઈ છે. ● **જિલ્લા અને તાલુકા પંચાયતઃ** જિલ્લા પંચાયતની 12 અને તાલુકા પંચાયતની 90થી વધુ બેઠકો પર ભાજપે બિનહરીફ વિજય મેળવ્યો છે. ● **કુલ પરિણામઃ** રાજ્યભરમાં કુલ 600થી વધુ બેઠકો બિનહરીફ જાહેર થઈ છે, જે ભાજપની મજબૂત રણનીતિ દર્શાવે છે. ગત ચૂંટણીમાં આ આંકડો 229 બેઠકોનો હતો.

### ક્યા કેટલા ઉમેદવાર વચ્ચે ચૂંટણી જંગ

● **મહાનગરપાલિકાઃ** 70 ફોર્મ પરત ખેંચાયા બાદ હવે 3508 ઉમેદવારો મેદાનમાં છે. ● **નગરપાલિકાઃ** 188 ઉમેદવારોના ખસી જવાથી હવે 6104 ઉમેદવારો વચ્ચે જંગ થશે. ● **જિલ્લા પંચાયતઃ** 141 ફોર્મ પરત ખેંચાયા, હવે 3226 ઉમેદવારો લડશે. ● **તાલુકા પંચાયતઃ** સૌથી વધુ 14,459 ઉમેદવારો વચ્ચે રસાકસી જોવા મળશે.

## કડીમાં નીતિન પટેલનો ગઢ અકબંધ, 28 બેઠક બિનહરીફ

ગાંધીનગરઃ રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો જંગ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની મુદત પૂર્ણ થતા જ ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. એક તરફ મહેસાણાના કડીમાં ભાજપે મતદાન પહેલા જ સત્તા કબજે કરી લીધી છે, તો બીજી તરફ કોંગ્રેસે ચૂંટણી પ્રક્રિયા અને તંત્રની નિષ્પક્ષતા સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના ગઢ ગણાતા કડીમાં ભાજપે વિપક્ષને મેદાનમાંથી આઉટ કરી દીધો છે. કડી નગરપાલિકાની કુલ 36 બેઠકમાંથી 28 બેઠક પર ભાજપના ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. વોર્ડ નંબર 1, 3 અને 6 માં આખી પેનલ બિનહરીફ થતા ચૂંટણી પહેલા જ ભાજપનું શાસન નિશ્ચિત બન્યું છે. હવે માત્ર 8 બેઠકો પર જ મતદાન થશે.

## કોંગ્રેસના આકરા પ્રહારઃ ચૂંટણી પંચ ભાજપના ખેસમાં

અમદાવાદમાં કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે ચૂંટણી પ્રક્રિયા પર આકરા આક્ષેપો કરતા રાજકારણ ગરમાવ્યું છે. પરમારે આરોપ લગાવ્યો કે ચૂંટણી પંચ ભાજપનો ભગવો પહેરીને કામ કરી રહ્યું છે. સરકારી તંત્ર અને પોલીસનો ઉપયોગ કરીને ઉમેદવારો પર દબાણ લાવવામાં આવી રહ્યું છે. તેમણે એમ પણ સ્વીકાર્યું કે કોંગ્રેસના સંગઠનમાં રહેલી ખામીઓને કારણે ઉમેદવારોને મેન્ડેટ ન મળવા જેવી ક્ષતિઓ થઈ છે. તેમણે સવાલ કર્યો કે જો ભાજપે વિકાસ કર્યો હોય તો પ્રતિસ્પર્ધીને ડરાવવાની જરૂર કેમ પડે છે?વધવાની શક્યતા છે.

# ગરમી ફુલ ફોર્મમાં, 40 ડિગ્રીમાં ગુજરાત શેકાયું

**ઉત્તર** ગુજરાત અને સૌરાષ્ટ્રમાં 19-20 એપ્રિલે વરસાદી ઝાપટાંની શક્યતા

અમદાવાદઃ ગુજરાતમાં ઉનાળો આકરો બની રહ્યો છે, મોટાભાગના શહેરોમાં પારો 40 ડિગ્રીને પાર પહોંચી ગયો છે. હવામાન વિભાગના તાજા આંકડા મુજબ, રાજ્યમાં કાળઝાળ ગરમીની સાથે સાથે દરિયાકાંઠાના વિસ્તારોમાં બફારો અને ઉત્તર ગુજરાત-સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદની પણ સંભાવના છે.

રાજકોટ 42 ડિગ્રી તાપમાન સાથે સૌથી ગરમ શહેર નોંધાયું છે. આ ઉપરાંત અમદાવાદ, ગાંધીનગર, અમરેલી, સુરેન્દ્રનગર અને વલ્લભ વિદ્યાનગરમાં પારો 41 ડિગ્રી સુધી પહોંચ્યો છે, જ્યારે વડોદરા, સુરત અને કંડલા એરપોર્ટ પર 40 ડિગ્રી તાપમાન રહ્યું છે. અન્ય શહેરોની વાત કરીએ તો ભૂજ, ભાવનગર, ડીસા, કેશોદ અને કંડલા પોર્ટ પર ગરમીનો પારો 37 થી 39 ડિગ્રીની વચ્ચે નોંધાયો છે, જ્યારે નલિયા, પોરબંદર અને દમણમાં તાપમાન 34 થી 35 ડિગ્રીની આસપાસ રહેતા ગરમીથી આંશિક રાહત જોવા મળી છે.

હવામાન વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર, આગામી 4 દિવસ સુધી મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય, પરંતુ ત્યારબાદ તાપમાનમાં 2થી 3 ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. જોકે, 15થી 18 એપ્રિલ દરમિયાન ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળી હવાને કારણે લોકોએ ભારે અકળામણ અને બફારાનો સામનો કરવો પડશે. હાલમાં સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક ભાગોમાં તાપમાનમાં સામાન્ય ઘટાડો નોંધાયો છે, તેમ છતાં સૌરાષ્ટ્ર અને ગુજરાત રીજનમાં ગરમી સામાન્ય કરતાં વધુ અનુભવાઈ રહી છે. વરસાદની આગાહીઃ ખેડૂતો માટે ચિંતાના સમાચાર હવામાન વિભાગે આગામી 19 અને 20 એપ્રિલ દરમિયાન રાજ્યના કેટલાક જિલ્લાઓમાં હળવા વરસાદ કે ગાજવીજ સાથે ઝાપટાં પડવાની આગાહી કરી છે.

# એસટીમાં કોઈ સમસ્યા છે?, QR કોડ સ્કેન કરો અને રેટિંગ આપો

**માર્ચમાં** શરૂ થયેલી આ રેટિંગ સિસ્ટમમાં 1702 મુસાફરોએ ફીડબેક આપ્યો

**ફરિયાદને** પગલે તાજેતરમાં તમામ એસી અને વોલ્વો બસોમાં ફ્રેશનર મુકવામાં આવ્યા

ગાંધીનગરઃ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) દ્વારા મુસાફરોની સુવિધામાં વધારો કરવા અને સેવાઓમાં સુધારો લાવવા માટે શરૂ કરાયેલી 'પેસેન્જર ફીડબેક અને પરફોર્મન્સ રેટિંગ સિસ્ટમ'ને વ્યાપક પ્રતિસાદ મળી રહ્યો છે. હવે એસ.ટી. બસમાં મુસાફરી કરતા મુસાફરો પોતાની બેઠક પાસે લગાવેલા QR કોડને સ્કેન કરીને સીધો પ્રતિભાવ આપી શકશે, જેના પર તંત્ર દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશે. માર્ચ 2026 માં શરૂ થયેલી આ સિસ્ટમમાં માત્ર એક મહિનામાં જ 1,702 મુસાફરોએ પોતાના પ્રતિભાવો આપ્યા છે. એસટી નિગમની વિવિધ સેવાઓ માટે મુસાફરોએ 5 માંથી 4.5 નું સરેરાશ રેટિંગ આપીને સંતોષ વ્યક્ત કર્યો છે.

આ સિસ્ટમની સફળતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે તાજેતરમાં પ્રીમિયમ એસટી બસોમાં દુર્ગંધ અંગે મળેલી ફરિયાદો બાદ એસટી નિગમે તાત્કાલિક રાજ્યની તમામ AC અને Volvo બસોમાં એર ફ્રેશનર લગાવવાની કામગીરી પૂર્ણ કરી છે.

### પ્રવાસીઓ QR કોડ સ્કેન કરીને ફરિયાદની સાથે ફોટા પણ મોકલી શકશે, એસટી ડેપો માટે પણ રેટિંગ આપી શકાશે

પ્રવાસીઓ બસમાં રહેલા QR કોડને સ્કેન કરી પોતાનું નામ, મોબાઈલ નંબર અને ટિકિટ નંબર જેવી વિગતો ભરીને રેટિંગ આપી શકશે. આ સુવિધામાં મુસાફરો ફરિયાદ સંબંધિત ફોટા પણ અપલોડ કરી શકે છે, જે સીધા સંબંધિત અધિકારી સુધી પહોંચે છે. બસો બાદ હવે એસટી નિગમ રાજ્યભરના 400 થી વધુ બસ ડેપો પર વિશેષ QR કોડ લગાવવાની તૈયારી કરી રહ્યું છે.

# RSS અથવા ABVPની પૃષ્ઠભૂમિ ન હોવા છતાં સમ્રાટ ચૌધરી બિહારના મુખ્ય મંત્રી કેવી રીતે બન્યા?



ટુ ધ પોઇન્ટ

▪ સંજય વોરા ▪

બિહારના મુખ્યમંત્રી બનેલા સમ્રાટ ચૌધરીની રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) માં કોઈ રાજકીય પૃષ્ઠભૂમિ નથી અને ન તો તેમણે ભાજપ સાથે પોતાની રાજકીય કારકિર્દી શરૂ કરી હતી. તેમ છતાં તેઓ ભાજપની ધરતીમાં એટલા ખીલ્યા કે બિહાર ભાજપના ઘણા અગ્રણી નેતાઓને તેમણે ઢાંકી દીધા છે. સમ્રાટ ચૌધરીએ લાલુપ્રસાદ યાદવના આરજેડીથી પોતાની રાજકીય કારકિર્દી શરૂ કરી હતી અને આઠ વર્ષ પહેલાં તેઓ જેડીયુ વાટે ભાજપમાં જોડાયા હતા. સમ્રાટ ચૌધરીને તેમના પિતા શકુનિ ચૌધરી પાસેથી રાજકારણ વારસામાં મળ્યું હતું. શકુનિ ચૌધરી બિહારના રાજકારણમાં OBC ચહેરો હતા. તેઓ કોંગ્રેસ, સમતા પાર્ટી, JDU અને RJDમાં રહ્યા હતા. તેમણે MLA થી લોકસભાના સાંસદ સુધીની સફર કરી હતી. સમ્રાટ ચૌધરીએ ૧૯૯૦ ના દાયકામાં તેમના પિતા શકુનિ ચૌધરીની રાજકીય શક્તિની મદદથી રાજકીય ક્ષેત્રમાં પ્રવેશ કર્યો. તેઓ RJDમાં જોડાયા અને ૧૯૯૯ માં રાબડી દેવીની સરકારમાં મંત્રી બન્યા. સમ્રાટ ચૌધરી રાબડી દેવીની સરકારમાં સૌથી નાની ઉંમરના મંત્રી બનવાથી રાજકીય વિવાદ સર્જાયો. વિપક્ષે દાવો કર્યો કે તેઓ ૨૫ વર્ષના નથી. તેમની ઉંમરને કારણે તેમને રાજીનામું આપવું પડ્યું.

આ વિવાદે સમ્રાટ ચૌધરીને બિહારમાં રાતોરાત પ્રખ્યાત બનાવી દીધા. તેઓ ૨૦૧૦ માં ધારાસભ્ય બન્યા અને આરજેડીના યુવા ચહેરા તરીકે ઊભરી આવ્યા, જેના કારણે તેમને આરજેડીના મુખ્ય દંડક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. બિહારમાં રાજકીય વાતાવરણને સમજીને સમ્રાટ ચૌધરી ચાર આરજેડી ધારાસભ્યો સાથે પાર્ટી છોડીને જેડીયુમાં જોડાયા. ૨૦૧૪ માં ભાજપ સાથે જેડીયુનું ગઠબંધન તૂટી ગયા પછી નીતીશકુમાર સરકાર લઘુમતીમાં આવી ગઈ અને સમ્રાટે તેમાં મુખ્ય ભૂમિકા ભજવી. ત્યાર બાદ તેઓ માંઝી સરકારમાં મંત્રી બન્યા. જીતનરામ માંઝી પછી જ્યારે નીતીશકુમાર ફરીથી મુખ્યમંત્રી બન્યા, ત્યારે સમ્રાટ ચૌધરી કેબિનેટપદ મેળવી શક્યા નહીં. નીતીશ પ્રત્યે તેમનો મોહભંગ થયો, જેના કારણે તેમણે જેડીયુ છોડી દીધું.

૨૦૧૪ પછી ભાજપ રાષ્ટ્રીય રાજકારણમાં ઝડપથી ઊભરી આવ્યો અને જ્યારે કેશવપ્રસાદ મૌર્ય ઉત્તર પ્રદેશમાં પાર્ટીના પ્રદેશ પ્રમુખ બન્યા, ત્યારે સમ્રાટનો રાજકીય દૃષ્ટિકોણ બદલાઈ ગયો. ઉત્તર પ્રદેશમાં ભાજપની સરકાર બનતાંની સાથે જ સમ્રાટનો રસ JDU થી હટી ગયો અને કેશવપ્રસાદ મૌર્ય દ્વારા તેઓ અમિત શાહને મળ્યા. બિહારમાં ભાજપને તેની વોટ બેંક વિસ્તારવા અને આત્મનિર્ભર બનવા માટે એક મજબૂત કુશવાહા નેતાની જરૂર હતી અને સમ્રાટ તે કાર્ય માટે સંપૂર્ણ ફિટ હતા. તેઓ ૨૦૧૭ માં ભાજપમાં જોડાયા. ૨૦૧૯ માં જ્યારે નિત્યાનંદ રાય પાર્ટીના પ્રદેશ પ્રમુખ હતા, ત્યારે સમ્રાટ ચૌધરીને ઉપાધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. આનાથી ભાજપમાં તેમનું મહત્ત્વનું સ્થાન બન્યું, જેનાથી ભાજપના રાષ્ટ્રીય નેતૃત્વ સાથેના તેમના સંબંધો મજબૂત થયા. નીતીશકુમારે ભાજપ સાથે સરકાર બનાવી હતી, પરંતુ ભાજપે બિહારમાં પોતાની સ્થિતિ મજબૂત કરવા માટે આગળ વધવાનું નક્કી કર્યું હતું. આનાથી સમ્રાટની રાજકીય પ્રગતિ થઈ અને તેમને નીતીશકુમારના નેતૃત્વ હેઠળની NDA સરકારમાં પંચાયતી રાજ મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. નીતીશ કુમારે ભાજપ સાથેનું ગઠબંધન તોડી નાખ્યું અને ૨૦૨૨ માં આરજેડી સાથે સરકાર બનાવી ત્યારે ભાજપે સમ્રાટ ચૌધરીને પ્રમોટ કરવાનો નિર્ણય લીધો. તેઓ વિધાન પરિષદમાં વિરોધ પક્ષના નેતા બન્યા. ત્યાર બાદ, જ્યારે તેઓ ૨૦૨૩ માં ભાજપના પ્રદેશ પ્રમુખ બન્યા, ત્યારે તેમણે પાઘડી પહેરીને નીતીશ કુમારને હટાવવાની પ્રતિજ્ઞા લીધી.

સમ્રાટ ચૌધરીના આક્રમક વલણને કારણે તેઓ રાતોરાત ભાજપનો લડાયક ચહેરો બની ગયા અને રાજકીય રીતે મજબૂત નેતા તરીકે સ્થાપિત થયા. એક નિડર નેતા તરીકે સમ્રાટનું કદ નોંધપાત્ર રીતે વધ્યું. ભાજપે તેમને કુશવાહ સમુદાયને એક કરવાનું કામ સોંપ્યું, જે કાર્ય તેમણે પ્રશંસનીય રીતે પૂર્ણ કર્યું. તેઓ નીતીશકુમારના સૌથી મજબૂત મત બેંક લવ-કુશમાં પણ સ્થાન મેળવવામાં સફળ રહ્યા. ભાજપના નવા ઓબીસી નેતા બનેલા સમ્રાટ ચૌધરી બિહારના રાજકારણમાં એક કુશળ રણનીતિકાર અને પછાત વર્ગોના ચહેરા તરીકે ઊભરી આવ્યા. નીતીશકુમારના એનડીએમાં પાછા ફર્યા પછી સમ્રાટ ચૌધરીને ભાજપ ક્વોટામાંથી નાયબ મુખ્યમંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. તેમણે રામ લલ્લાને પોતાની પાઘડી સોંપી અને નીતીશકુમારના રાજકીય ઉત્તરાધિકારી તરીકે પોતાને સ્થાપિત કરવાનું શરૂ કર્યું. નાયબ મુખ્યમંત્રી તરીકે સમ્રાટ ચૌધરી એક મજબૂત પ્રશાસક તરીકે ઊભરી આવ્યા. પરિણામે તેઓ ૨૦૨૫ ની ચૂંટણીમાં વિપક્ષી પક્ષોનું નિશાન બન્યા. ૨૦૨૫ ની જીત પછી નીતીશકુમારે સમ્રાટ ચૌધરીને ફરીથી નાયબ મુખ્યમંત્રી તરીકે નિયુક્ત કર્યા અને બિનસત્તાવાર રીતે તેમને ઉત્તરાધિકારી જાહેર કર્યા.

ભાજપના નેતૃત્વે સમ્રાટની ક્ષમતાને ઓળખી હતી. આ જ કારણ છે કે ભાજપમાં તેમની રાજકીય કારકિર્દી ઝડપથી વધી છે. RSS અથવા ABVPમાં તેમની પૃષ્ઠભૂમિ ન હોવા છતાં, તેઓ ભાજપની પસંદગી બન્યા. રાજ્યમાં ભાજપના હાલના નેતાઓ સૌમ્ય છે, પરંતુ પાર્ટીમાં એવી સમજ વધી રહી છે કે બિહારમાં આગળ વધવા માટે તેમને આક્રમક અને લડાયક નેતાની જરૂર છે. સમ્રાટ ૨૦૧૭ માં ભાજપમાં જોડાયા હતા અને માત્ર છ વર્ષમાં પ્રદેશ પ્રમુખ બન્યા હતા. ત્યાર બાદ તેમને નાયબ મુખ્યમંત્રી, નાણાં વિભાગ અને ગૃહ વિભાગ જેવી મહત્ત્વપૂર્ણ જવાબદારીઓ સોંપવામાં આવી હતી. ભાજપના ઘણા નેતાઓ સમ્રાટના મુખ્યમંત્રી બનવાથી ખૂબ રાજી નથી, પરંતુ નીતીશકુમાર તરફથી સમ્રાટને મુખ્યમંત્રી બનાવવા માટે દબાણ પણ હતું. ભાજપ કોને મુખ્યમંત્રી બનાવવો તે અંગે મૂંઝવણમાં હતો. ભાજપની સમસ્યા એ છે કે સુશીલકુમાર મોદી પછી તેમની પાસે એવો ચહેરો નહોતો જે બધાને સ્વીકાર્ય હોય. સમ્રાટ બિહારમાં નંબર વન નાયબ મુખ્યમંત્રી હતા, તેથી તેમને પ્રોજેક્ટ કરવામાં આવ્યા અને મુખ્યમંત્રીપદ આપવામાં આવ્યું છે.

બિહારના રાજકારણ પર નજીકથી નજર રાખનારાઓનો એક મોટો વર્ગ માને છે કે નીતીશકુમારની ઇચ્છાને કારણે સમ્રાટ ચૌધરીની મુખ્યમંત્રી તરીકે નિમણૂક થઇ, પરંતુ સમ્રાટની પસંદગીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહની કેટલી સંમતિ હતી? જેડીયુ નેતા અને કેન્દ્રીય મંત્રી રાજીવ રંજને સમ્રાટ ચૌધરીનું નામાંકન મેળવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળીને સમજાવ્યું કે ભાજપે છેલ્લાં કેટલાંક વર્ષોમાં કુશવાહાના નેતામાં સૌથી વધુ રોકાણ કર્યું છે. તેથી, સમ્રાટ ચૌધરીને મુખ્યમંત્રી ન બનાવવાથી લવ-કુશ સમુદાયમાં નકારાત્મક સંદેશ જશે. સમ્રાટ ચૌધરી વડા પ્રધાન અને ગૃહ પ્રધાનની સંમતિથી જ મુખ્યમંત્રી બન્યા હતા. તેમની સંમતિ વિના, સમ્રાટ મુખ્યમંત્રી બની શક્યા ન હોત. જો આ બંને નેતાઓ તેમને ઇચ્છતા ન હોત, તો નીતીશકુમારે પણ તેમને મુખ્યમંત્રી ન બનાવ્યા હોત. ભાજપ બિહારમાં આસામની જેમ રાજકારણ રમવા માંગતો નથી. તે સત્તાનું સરળ હસ્તાંતરણ ઇચ્છતો હતો, કારણ કે તે પોતાના દમ પર સરકાર બનાવી શકતો નથી. ભાજપે બતાવ્યું છે કે RSS પૃષ્ઠભૂમિ વગરના નેતા હિમંત બિસ્વા શર્માને પણ મુખ્યમંત્રી બનાવી શકાય છે. તેઓએ બિહારમાં પણ એવું જ કર્યું છે. સમ્રાટ ચૌધરી મુખ્યમંત્રી બન્યા બાદ નીતીશયુગનો અંત આવ્યો છે. નીતીશ કુમાર ફક્ત સંસદ સત્ર દરમિયાન દિલ્હીમાં રહેશે અને બાકીના સમય માટે બિહારમાં સરકારનું માર્ગદર્શન કરશે. બિહારના રાજકારણમાં એ જોવાનું રસપ્રદ રહેશે કે સમાજવાદી નીતીશ ભાજપના વૈચારિક આધાર અને સરકારની કાર્યપદ્ધતિ પર કેટલો પ્રભાવ પાડી શકે છે?

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**ભાજપના ઘણા નેતાઓ સમ્રાટ ચૌધરીના મુખ્યમંત્રી બનવાથી ખૂબ રાજી નથી, પરંતુ નીતીશકુમાર તરફથી સમ્રાટ ચૌધરીને મુખ્યમંત્રી બનાવવા માટે દબાણ હતું**

## BUSINESS મિત્ર

### ચારેકોર લેવાલીએ નિફ્ટી 24200ની ઉપર, સેન્સેક્સમાં 1264 પોઇન્ટનો ઉછાળો

# ઇરાન-અમેરિકાની પુનઃ મંત્રણાના અહેવાલે શેરબજારમાં તેજી

**કન્ઝ્યુમર** ડ્યુરેબલ્સ, આઇટી અને રિયલ્ટી શેરોમાં સૌથી વધુ તેજી જોવા મળી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 15:** ઈરાન-અમેરિકા વચ્ચે શાંતિ મંત્રણા તૂટી પડયા બાદ ફરીથી આ વાટાઘાટો શરૂ થવાના અહેવાલની સાથે આ વખતે શાંતિમંત્રણા શાંતિપુર્ણ માહોલમાં પુરી થવાના આશાવાદ પાછળ વૈશ્વિક બજારોની પાછળ ભારતીય શેરબજારમાં તેજીનો માહોલ જોવા મળ્યો હતો. જેમાં સેન્સેક્સ 1264 પોઇન્ટ ઉછળ્યો હતો, જ્યારે નિફ્ટીએ 24200 પોઇન્ટની સપાટી વટાવી દીધી હતી.

ગઈકાલે ડો. આંબેડકર જયંતિના લીધે બજારો બંધ રહ્યા હતા, પરંતુ વૈશ્વિક અનિશ્ચિતતાના વાદળો હળવા થયા હતા અને ક્રુડના ભાવ ફરીથી 100 ડોલરની નીચે સરકી ગયા હતા, તેના લીધે વૈશ્વિક બજારોમાં તેજીનો માહોલ રહ્યો હતો. જેના પગલે આજે ભારતીય શેરબજારમાં ગેપ અપ ઓપનીંગ રહ્યું હતું અને ચારેકોર લેવાલી રહી હતી. તમામ સેકટરોમાં ખરીદી રહી હતી. ખાસ કરીને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, આઈટી અને રિયલ્ટી શેરોમાં સૌથી વધુ તેજી જોવા મળી હતી.

સરકારી આંકડા અનુસાર ભારતનો જથ્થાબંધ ફુગાવો માર્ચમાં વધીને 3.88 ટકા પર 38 મહિનાની ઉંચાઈએ પહોંચી ગયો હતો. જે ફેબ્રુઆરીમાં 2.13 ટકા હતો. આમ, મીડલ ઈસ્ટના તણાવની અસર મોંઘવારી દર પર જોવા મળી હતી. જો ટેન્શન વધુ લાંબુ ચાલશે તો ફુગાવો હજુય વધે તેવી દહેશત પણ સેવાઈ રહી છે. આ ફુગાવાના દરમાં વધારો થવા પાછળ ક્રુડ, પેટ્રોલીયમ અને નેચરલ ગેસ સહિતના અન્ય ઉત્પાદન વસ્તુઓ, મુળભૂત ધાતુઓ અને ખાદ્ય વસ્તુઓના ભાવ વધારાના લીધે થયો છે.

બીએસઈ સેન્સેક્સ 1263.67 પોઇન્ટ એટલે કે 1.64 ટકા વધીને 78000 પોઇન્ટની સપાટી કુદાવીને 78111.24 પોઇન્ટના સ્તરે બંધ રહ્યો હતો. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 78270 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 77849 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 388.65 પોઈન્ટ એટલે કે 1.63 ટકા વધીને 24200ની સપાટી કુદાવીને 24231.30 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24281 પોઇન્ટ સુધી ઉછળી હતી. જ્યારે નીચામાં 24145 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 696.90 પોઇન્ટ એટલે કે 1.25 ટકા વધીને 56000 પોઇન્ટની સપાટી વટાવીને 56301.95 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે લીલા હોટલ્સમાં 27.79 ગણા, એપીએલ અપોલો ટ્યુબ્સમાં 21.9 ગણા, એસ્ટ્રલ ડીએમ હેલ્થકેરમાં 20.96 ગણા, ઈન્ડસ ટાવરમાં 16.41 ગણા, જીએમઆર એરપોર્ટસમાં 16.04 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે એફકોન્સ ઈન્ફ્રા.માં 77.63 ગણા, રેલટેલ કોર્પોરેશનમાં 37.24 ગણા, આઈસીઆઈસીઆઈ પ્રુડન્સીયલમાં 8.56 ગણા, નુવોકો વિસ્ટામાં 7.41 ગણા, દીપક ફર્ટીલાઈઝર્સમાં 5.97 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં પણ મજબૂતાઈ જોવા મળી હતી. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 2.16 ટકા વધ્યો હતો, જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ 2.41 ટકા વધ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત જોવાયું હતું. બીએસઈ ખાતે 3584 શેરો વધ્યા હતા, જ્યારે 803 શેરો ઘટ્યા હતા અને 125 શેરો યથાવત રહ્યા હતા.

વૈશ્વિક સ્તરે ગઈકાલે તોફાની તેજી રહ્યા બાદ આજે બેઉતરફી વધઘટ રહી હતી. યુરોપિયન બજારોમાં મિશ્ર વલણ રહ્યું હતું. વૈશ્વિક મેક્રો ઈકોનોમી ડેટા ઉપર રોકાણંકારો ફોકસ કરતા જોવા મળ્યા હતા. ઈરાન-યુએસના તણાવમાં નવી શાંતિ વાર્તા ઉપર રોકાણકારો બારીકાઈથી નજર રાખી રહ્યા છે. જેની પાછળ ક્રુડના ભાવો ઘટતા એશિયન બજારોમાં સુધારા તરફી વલણ જોવા મળ્યું હતું.

ફેબ્રુઆરીમાં યુરોઝોન ઔદ્યોગિક ઉત્પાદનમાં માસિક ધોરણે 0.4 ટકાનો વધારો થયો છે, જોકે, વાર્ષિક ધોરણે ઔદ્યોગિક ઉત્પાદનમાં 0.6 ટકાનો ઘટાડો થયો છે.

### બેઉતરફી વધઘટે રૂપિયો સપાટ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 15:** ઇરાન-અમેરિકા વચ્ચે સમાધાન થવાની સંભાવનાઓ વધી રહી છે અને યુદ્ધ વિરામની દિશામાં આગળ વધી રહ્યા હોવાના અહેવાલની પાછળ કરન્સી બજારમાં રાહ જુઓની નીતિ જોવા મળી હતી. આજે બેઉતરફી વધઘટે રૂપિયો સપાટ બંધ રહ્યો હતો. કરન્સી બજારમાં આજે ડોલરની સામે રૂપિયો એક પૈસા સુધરીને 93.38ના સ્તરે બંધ રહ્યો હતો. જે ગત સેશનમાં 93.39ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 109.84, પાઉન્ડ 126.17, કેનેડિયન ડોલર 67.65, ઓસ્ટ્રેલિયન ડોલર 66.29, સીંગાપોર ડોલર 73.51ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 93.38 રૂ. |
| યુરો | 109.84 રૂ. |
| પાઉન્ડ | 126.17 રૂ. |
| યેન | 0.5874 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 1263.67 | 78111.24 |
| નિફ્ટી | 388.65 | 24231.30 |
| બેન્કનિફ્ટી | 696.90 | 56301.95 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ટરગ્લોબ એવીએશન | 4.76 | 4638.00 |
| ઇટર્નલ | 4.42 | 246.67 |
| મેક્સ હેલ્થકેર | 4.03 | 990.05 |
| પાવરગ્રીડ | 4.03 | 312.45 |
| ટીએમપીવી | 3.59 | 357.90 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ડો. રેડ્ડીઝ લેબ | 1.46 | 1217.80 |
| ભારતી એરટેલ | 0.81 | 1855.70 |
| ICICI બેન્ક | 0.22 | 1348.10 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ટરગ્લોબ એવીએશન | 4.63 | 4634.45 |
| ઇટર્નલ | 4.36 | 245.50 |
| પાવરગ્રીડ | 4.11 | 312.65 |
| અદાણી પોર્ટસ | 3.39 | 1514.60 |
| ટેક મહિન્દ્રા | 3.33 | 1483.60 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ભારતી એરટેલ | 0.64 | 1858.50 |
| ICICI બેન્ક | 0.20 | 1347.80 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૯ | ૫૦/૩૬ '' | ૧૪૬ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૦ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૬ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૩૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૬ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૮૦ |
| ૬૮/૩૬ | ૧૩૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | ૧૦૦ ટેક્ષ | ૧૩૫ | ૬૮ ક્રિમ્પ | ૧૪૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૪ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૧ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૭ | ૮૦ ક્રિમ્પ | ૧૩૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૮ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૭ | ૮૦/૭૨ રોટો | ૧૩૯ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૯ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૯ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૮ |

**તેલ બજાર સુરત**

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૫૪૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૬૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૬૬૦ | તલતેલ | ૪૮૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૪૨૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૭૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૮૫૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર**

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૨૫૦ |
| એસ-૩૦ | ૪૧૫૦ |

**સોના-ચાંદી સુરત**

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૭૭૬૦ |
| તેજાબી સોનું | ૧૫૭૬૭૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૯૮૭૦ |
| દાગીના-બીઆઇએસ હોલમાર્ક | ૧૫૪૬૦૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૭૭૬૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૫૮૨૦૦ |
| ચાંદી સિક્કા | ૨૫૯૭૦૦ |

# એપ્રિલમાં સેન્સેક્સ-નિફ્ટીમાં 8.5 ટકાનો સુધારો, પણ યુદ્ધ પુર્વેની સ્થિતિથી 5 ટકા નીચે

**યુદ્ધનો** તણાવ પુર્ણ થવાના આશાવાદે શેરબજારોમાં ઉછાળો, હજુય વધવાની સંભાવના

મુંબઇ, તા. 15: એપ્રિલમાં ભારતીય શેરબજારોમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. જોકે, મીડલ ઈસ્ટમાં સેન્સેક્સ અને નિફ્ટી હજુ પણ યુદ્ધ પહેલાના સ્તરોથી લગભગ પાંચ ટકા નીચે છે. અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચેની લડાઈ 28 ફેબ્રુઆરીથી શરૂ થઈ હતી. ત્યારબાદ ભારતીય શેરબજારોમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો.

26 ફેબ્રુઆરીના રોજ સેન્સેક્સ 82250 પોઈન્ટ પર હતો. એપ્રિલમાં સુધારો થયો હોવા છતાં, તે આ સ્તરથી લગભગ 4180 પોઈન્ટ નીચે છે. યુદ્ધ શરૂ થયું તે પહેલાં નિફ્ટી 25500 પોઈન્ટ પર હતી. હાલમાં તે આ સ્તરથી લગભગ 1275 પોઈન્ટ નીચે છે. આનો અર્થ એ થયો કે બંને સૂચકાંકો તેમના યુદ્ધ પહેલાના સ્તરોથી લગભગ 5 ટકા નીચે છે.

મીડલ ઈસ્ટમાં તણાવનો અંત આવવાની આશાને કારણે એપ્રિલમાં ભારતીય શેરબજારમાં શાનદાર રિકવરી શરૂ થઈ ચૂકી છે. 7 એપ્રિલના રોજ, અમેરિકા અને ઈરાન બે અઠવાડિયાના યુદ્ધવિરામ પર સંમત થયા, જેની શેરબજારો પર સકારાત્મક અસર પડી. જોકે, ગયા અઠવાડિયે પાકિસ્તાનમાં બંને પક્ષો વચ્ચે થયેલી વાટાઘાટો અનિર્ણાયક સાબિત થઈ. જોકે, વાટાઘાટો ફરી શરૂ થવાની આશાથી શેરબજારોમાં તેજી જોવા મળી. છેલ્લા ટ્રેડિંગ સેશનમાં યુએસ શેરબજારમાં નોંધપાત્ર તેજી જોવા મળી. જેની અસર આજે ભારતીય શેરબજારમાં પણ તેજી સાથે જોવા મળી.

મધ્ય પૂર્વના સંઘર્ષના પરિણામોમાંથી વિશ્વભરના ઘણા અન્ય બજારો પણ બહાર આવ્યા છે. આમાં ચીનનો સીએસઆઈ 300 ઈન્ડેક્સ, તેમજ તાઈવાન અને સિંગાપોરના બજારોનો સમાવેશ થાય છે. યુએસમાં, એસ એન્ડ પી 500 ઈન્ડેક્સ પણ સંઘર્ષની અસરોમાંથી બહાર આવ્યો છે, જે તેની રેકોર્ડ ઊંચાઈની નજીક પહોંચી ગયો છે. યુએસ અને ઈરાન વચ્ચેના યુદ્ધનો અંત આવવાની આશાએ ક્રૂડ ઓઈલના ભાવને અસર કરી છે, જે પ્રતિ બેરલ 100 ડોલરથી નીચે આવી ગયા છે. એક સમયે, સંઘર્ષ શરૂ થયા પછી તે 120 ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગયો હતો.

વૈશ્વિક અનિશ્ચિતતા હોવા છતાં, ભારત સૌથી મજબૂત અર્થતંત્રોમાંનું એક છે. આ મુખ્યત્વે મજબૂત સ્થાનિક માંગ, સરકારી મૂડી ખર્ચ, હળવા નાણાકીય નીતિ અને કોર્પોરેટ બેલેન્સ શીટમાં સુધારો થવાને કારણે છે. તેમણે ઉમેર્યું હતું કે ટૂંકા ગાળામાં, ઊંચા ઊર્જાના ભાવ, સપ્લાય ચેઇન વિક્ષેપો અને લોજિસ્ટિક્સ સમસ્યાઓ કોર્પોરેટ કમાણીને અસર કરી શકે છે.

ભારતીય શેરબજારોમાં મૂલ્યાંકન વધુ આકર્ષક બન્યું છે. માર્ચમાં નિફ્ટીનો એક વર્ષનો ફોરવર્ડ પ્રાઇસ-ટુ-અર્નિંગ મલ્ટિપલ ઘટીને 17.7 ગણો થયો. આ તેની લાંબા ગાળાની સરેરાશ 20.9 ગણી કરતાં લગભગ 15 ટકા ઓછો છે. નિફ્ટી, નિફ્ટી મિડકેપ અને નિફ્ટી સ્મોલકેપ માટે ફોરવર્ડ વેલ્યુએશન મલ્ટિપલ સપ્ટેમ્બર 2024ની ટોચથી અનુક્રમે 28 ટકા, 29 ટકા અને 18 ટકા નીચે છે.

# મીડલ ઈસ્ટના તણાવથી HSBCએ ભારતીય બજારોમાંથી રોકાણ ઘટાડ્યું

**એચએસબીસીએ** માત્ર ભારત જ નહીં એશિયન બજારોમાંથી પણ રોકાણ હટાવ્યું, સોના તરફ વળ્યા

નવી દિલ્હી, તા. 15: મીડલ ઈસ્ટના તણાવથી એચએસબીસી પોતાના રોકાણનું પુનઃગઠન કરતા જોવા મળ્યા છે, જેઓ માને છે કે આ યુદ્ધ સંકટના લીધે સૌથી વધુ ફટકો એશિયન દેશોને થશે, જેના લીધે તેઓએ પોતાનું રોકાણ ભારતમાંથી ઘટાડતા જોવા મળ્યા છે. માત્ર ભારતીય શેરબજાર જ નહીં પણ એશિયન બજારોમાથી પોતાના રોકાણનો હિસ્સો ઘટાડી રહ્યા છે અને સેફ હેવન ગણાતા સોના તરફ ધ્યાન કેન્દ્રિત કરીને રોકાણ કરતા જોવા મળ્યા છે. ક્રુડ ઓઈલના વધતા ભાવ, મજબૂત ડોલર અને એફઆઈઆઈની વેચવાલીના કારણે ભારતીય બજારને સંવેદનશીલ બનાવ્યા છે. જેથી વૈશ્વિક બેંકો હવે ભારત પ્રત્યે સાવધ બની છે.

મીડલ ઈસ્ટના વધતા તણાવ અને ઈરાન યુદ્ધની અસરથી વૈશ્વિક બજારોનો મૂડ બદલાઈ ગયો છે. પરિણામે, એચએસબીસી પ્રાઈવેટ બેંક અને એચએસબીસી પ્રીમિયર વેલ્થે તેમની રોકાણ વ્યૂહરચનામાં નોંધપાત્ર ફેરફારો કર્યા છે. બેંકે ભારત સહિત ઉભરતા એશિયન બજારોમાં તેના રોકાણમાં ઘટાડો કર્યો છે અને સોનું, રોકડ અને હેજ ફંડ જેવા સલામત-આશ્રય વિકલ્પોમાં તેના રોકાણમાં વધારો કર્યો છે.